| ATMIYA UNIVERSITY | NAAC – Cycle – 1<br>AISHE: U-0967 | |
|---|---|---|
| | Criterion 7 | IV & BP |
| | KI 7.1 | M 7.1.9 |

| 7.1.9 | Sensitization of students and employees of the Institution to the constitutional obligations: values, rights, duties and responsibilities of citizens |
|---|---|

# Anti Corruption Seminar



૨૦ અકિલા મંગળવાર તા.૧૨-૧૨-૨૦૨૩

## આત્મીય યુનિવર્સિટી દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે પરિસંવાદનું આયોજન



11 | સાંજ સમાચાર | તારીખ: 11/12/2023 સોમવાર

આત્મીય યુનિ. તથા યુ.એન.જી.સી.એન.આઇ.ના ઉપક્રમે

## ભ્રષ્ટાચાર નિવારણ અંગે પરિસંવાદ યોજાયો

**સમાજને ભ્રષ્ટાચાર મુક્ત કરવો હોય તો શરૂઆત આપણાથી જ કરવી પડે છે પૂ. ત્યાગવલ્લભ સ્વામી**

રાજકોટ, તા.૧૧

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

12

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

તારીખ: 11/12/૨૦૨૩
સોમવાર


# સમાજને ભ્રષ્ટાચાર મૂકત બનાવવાની પહેલ આપણાથી જ થવી જોઈએ: પૂ.ત્યાગ વલ્લભ સ્વામી

## આત્મીય યુનિ. અને યુએનજીસીએનઆઈ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે યોજાયો પરિસંવાદ



**અબતક, રાજકોટ**

દિન-પ્રતિદિન સમાજમાં વધતા ભ્રષ્ટાચારથી ચિંતિત આત્મીય યુનિવર્સિટી અને નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) દ્વારા ઓફલાઈન અને ઓનલાઈન એમ બન્ને માધ્યમોથી ભ્રષ્ટાચાર સામે વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, રિસ્પોન્સિબલ યુએન પ્રિન્સિપલ્સ ફોર મેનેજમેન્ટ એજ્યુકેશન, એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ, બ્લિટ્ઝ ઈન્ડિયા, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન અને રોટરી ક્લબ ઓફ પ્રાઈમ જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભરપૂર સાથ અને સહકાર સાંપડ્યો હતો.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આશીર્વાદ આપતા જણાવેલ કે, સમાજને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવું હોય તો તેની શરૂઆત આપનાથી જ કરવી પડે પછી જ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ભ્રષ્ટાચાર મુક્ત બને આવા શુભ સંદેશ સાથે દિપપ્રાગટ્યથી આ કાર્યક્રમની શરૂઆત થઈ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શિવ કુમાર ત્રિપાઠીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવામાં આવનારૂ ભવિષ્ય શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં ભણતા વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં યુએન ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રત્નેશ ઝાએ ભ્રષ્ટાચારના કેટલાક તારણો ઉદાહરણો સાથે જણાવ્યા હતા. જીસીએનઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર

Registrar
Atmiya University
Rajkot

# Har Ghar Tiranga Yatra


**Page No. 12**

દેશ-પરદેશની **આજકાલ**

**Dt. 14/08/2024 Wednesday**


# આત્મિય યુનિવર્સિટી દ્વારા હર ઘર તિરંગા યાત્રા યોજાઈ

## ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ અને બેન્ડવાજા સાથે તિરંગા યાત્રામાં જોડાયા


આજકાલ કાર્યાલય

રાજકોટ




તિરંગા યાત્રાનો પ્રારંભ સ્થાનિક કોર્પોરેશનના માધ્યમથી કેન્દ્રીય મિનિસ્ટર જે.પી. નંદા સી.આર.પાટીલ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રારંભ થયો હતો. જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભક્તિના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.

આ તકે ત્યાગવલ્લ્ભ સ્વામીએ સંદેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓમાં સતત રાષ્ટ્રભક્તિ અને ગુરુભક્તિની ભાવના કેળવાય અને આજના વિદ્યાર્થીઓ દેશના સભ્ય નાગરીકો બની ભારત દેશનું નામ ગૌરવાન્વિત કરે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ તીલાળા, ડો દર્શિતા શાહ, મંત્રી ડો. માધવ દવે ઉપાધ્યક્ષ રાજાભાઈ વાવડી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઉપાધ્યાય, ઓર્બીટ કંપનીના પંકજભાઈ પટેલ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર ડી.ડી. વ્યાસ, રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેકટર આશિષ કોઠારી, એમ.એન્ડ એન વિરાણી સાયન્સના ડો. કે.ડી. લાડવા તથા આત્મીય પરિવારનાં જીગ્નેશ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

| Page No. 11 | સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...<br>સાંજ સમાચાર | Dt. 13/08/2024 Tuesday |
|---|---|---|

# ૭૮ માં સ્વતંત્રતા દિનની ઉજવણીરૂપે આત્મીય યુનિવર્સિટીમાં "હર ઘર તિરંગા" યાત્રાનો ઝાઝરમાન પ્રારંભ

સમગ્ર દેશમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ ઝાઝરમાન રીતે પ્રારંભ યોજાયો હતો.

જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભક્તિના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ ડીસીપ્લીનથી, એક હરોળમાં આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.






| Page No. 6 | અબતક<br>સાંધ્ય દૈનિક | Dt. 13/08/2024 Tuesday |
|---|---|---|

# આત્મીય યુનિવર્સિટીમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓ 'તિરંગાયાત્રા' જોડાયા

## આત્મીય કેમ્પસની રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રામાં વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નાદ ગુંજયા

**અબતક,રાજકોટ**

"હર ઘર તિરંગા" ના સ્વપનદ્રષ્ટા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રભક્તિને ઉજાગર કરવાના પ્રયત્નોના ફળ સ્વરૂપે સમગ્ર દેશમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર દેશ અને રાજયમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનમાં રાજ્યની વિવિધ શાળા-કોલેજો, કોર્પોરેશન, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો તેમજ સામાન્ય નાગરીકો આ અભિયાનમાં સહભાગી બની પોતાનું યોગદાન આપી રહ્યા છે.

આ તિરંગા યાત્રાનો પ્રારંભ સ્થાનિક કોર્પોરેશનના માધ્યમથી કેન્દ્રીય મિનિસ્ટર જે.પી. નંદા , સી.આર.પાટીલ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ ઝાઝરમાન રીતે પ્રારંભ યોજાયો હતો. જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભકિતના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ ડીસીપ્લીનથી, એક હરોળમાં આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.

આ શુભદિને પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીએ સંદેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓમાં સતત રાષ્ટ્રભકિત અને ગુરુભકિત ની ભાવના કેળવાય અને આજના વિદ્યાર્થીઓ દેશના સભ્ય નાગરીકો બની ભારત દેશનું નામ ગૌરવાન્વિત કરે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા, શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ તીલાળા, ડો દર્શિતા શાહ, મંત્રી ડો. માધવ દવે ઉપાધ્યક્ષ રાજાભાઈ વાવડી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઉપાધ્યાય, ઓર્બીટ કંપનીના પંકજભાઈ પટેલ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર ડી.ડી. વ્યાસ, રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેકટર આશિષ કોઠારી, એમ. એન્ડ એન વિરાણી સાયન્સના ડો. કે.ડી. લાડવા તથા આત્મીય પરિવારનાં જીગ્નેશ રાઠોડની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનો શુભારંભ થયો હતો.






Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

# Activities related to Jeevan Vidya

Page No. 4

આઝાદ સંદેશ

Dt. 18/05/2024 Saturday

## આત્મીય યુનિવર્સિટીમાં તા.૧ થી ૮ જુન સુધી જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન

**દિવ્યપથ સંસ્થાન, અમરકંટકનાં સોમદેવ ત્યાગી અને આત્મિય યુનિવર્સિટી, CVMS ટીમના સભ્યો સમગ્ર શિબિરનું સંચાલન કરશે**

(આઝાદ સંદેશ), રાજકોટ : જીવન વિદ્યાએ માનવથી લઈને સમગ્ર માનવજાતિ સુધી નિરંતર અને સુખપૂર્વક જીવવાનો પ્રસ્તાવ છે. મનુષ્ય પોતાના જીવનમાં કોઈ ગુણાત્મક પરિવર્તન પ્રાપ્ત કરી શકે, વ્યક્તિ, પરિવાર અને સમાજમાં શાંતિથી અને સંબંધ પૂર્વક જીવી શકે, સમાજમાં સામાજિક કે આર્થિક રૂપે નિર્ભયતા પ્રાપ્ત કરી શકે તેમજ આ બધા કારણોથી પ્રકૃતિમાં પણ સંતુલન સ્થપાય તે એકમાત્ર જીવન વિદ્યાનો ઉદ્દેશ્ય છે. તેમજ ચેતના વિકાસ મૂલ્ય શિક્ષાના નામથી જીવનવિદ્યાના ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ઘણા પ્રયોગ ચાલ્યા છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cellનાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે. આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોક્ટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજાવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯થી સાંજે ૬ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, CVMS ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

---

## આત્મીય યુનિવર્સિટીમાં તા. ૧ થી ૮ જુન જીવન વિદ્યા પરિચય શિબિર યોજાશે

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૧૯ આત્મીય ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂશનથ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિતશિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, જીવન વિદ્યા એ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમ ને સાકાર કરવા માટેનું એક પગથિયું છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cell નાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે. આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોક્ટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય

Registrar
Atmiya University
Rajkot

Page No. 10

પરિવર્તનનું પ્રતિબિંબ
**ગુજરાત મિરર**

Dt. 18/05/2024
Saturday

# આત્મીય યુનિવર્સિટીમાં ૧ થી ૮ જૂન સુધી જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન

**■ દિવ્યપથ સંસ્થાન, અમરકંટકના સોમદેવ ત્યાગીજી અને CVMS ટીમના સભ્યો સમગ્ર શિબિરનુ કરશે સંચાલનઃ રજિસ્ટ્રેશન શરૂ**

ગુજરાત મિરર, રાજકોટ તા.૧૮

આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશનથ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિતશિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષાપણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વવિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

જીવન વિદ્યા એ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબક્મ ને સાકાર કરવા માટેનું એક પગથિયું છે.

આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે.

તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cell નાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે.

આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, CVMS ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

Page No. 9

**અબતક**
સાંધ્ય દૈનિક

Dt. 18/05/2024
Saturday

# આત્મીય યુનિવર્સિટીમાં ૧ જૂનથી જીવન વિદ્યા પરિચય શિબિરનો પ્રારંભ

**જીવન વિદ્યા શિબિરનો ઉપદેશ ''વસુધૈવ કુટુંબકમ્''ને સાકાર કરવાનો**

**અબતક, રાજકોટ**

'આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન' અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષા પણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

જીવન વિદ્યાએ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમને સાકાર કરવા માટેનું એક પગથિયું છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી શ્રી. સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગનો અભ્યાસ કરેલ છે.

આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦ ૧૩૭૮૫/૯૮૭૯૩ ૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, સીવીએમએસ ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

Page No. 6

સવારે ચા, સાંજે અકિલા

Dt. 18/05/2024 Saturday

મધ્યસ્થ દર્શન સહ-અસ્તિત્વવાદએ નાગરાજજી દ્વારા પ્રતિપાદિત

## આત્મીય યુનિવર્સિટીમાં જીવન વિદ્યા પરિચય શિબિરઃ ૧ થી ૮ જુન સુધી આયોજન

દિવ્યપથ સંસ્થાન, અમરકંટકનાં સોમદેવ ત્યાગીજી અને આત્મિય યુનિવર્સિટી સીવીએમએસ ટીમના સભ્યો સમગ્ર શિબિરનું સંચાલન કરશે: નામ નોંધણી

રાજકોટઃ 'આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન'અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષા પણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, જીવનવિદ્યા શિબિરનો લાભ લેતા હોવાનું યાદીમાં જણાવાયું છે.

જીવનવિદ્યાએ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબકમ્‌ને સાકાર કરવા માટેનું એક પગથિયું હોવાનું જણાવાયું છે.

આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાશે. દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી શ્રી. સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ ટાટા નેલ્કો જેવી એમએનસી કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી સીવીએમએસ સેલનાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે.

આ શિબિરનો વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ ઉપયોગી હોવાનું જણાવાયું છે. તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક સવારે ૯ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા મો. ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેવું અથવા આત્મીય યુનિવર્સિટી, સીવીએમએસ ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકાય છે. (૪.૧૬)




Registrar
Atmiya University
Rajkot

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક ®

સાંધ્ય દૈનિક

તારીખ: 21/04/૨૦૨૩
પાનાં નં.4


# આત્મીય યુનિવર્સિટી દ્વારા "લાઇફ બેલેન્સ" સેમિનારનો ૩૫૦ વધુ લોકોએ લીધો લાભ

## 'સહ-અસ્તિત્વવાદ' પર આધારીત આવા વિવિધ પ્રસ્તાવ કાર્યક્રમો જીવનવિદ્યાના માધ્યમથી અસંખ્ય લોકો સુધી પહોંચાડવાનો મુખ્ય હેતુ





**અબતક, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી દ્વારા મધ્યસ્થ દર્શન 'સહ-અસ્તિત્વવાદ' આધારિત વિવિધ પ્રસ્તાવ કાર્યક્રમો છેલ્લા આઠ વર્ષથી ચાલી રહ્યાં છે. જેનો હેતુ શિક્ષાનાં માનવીયકરણ થી એક જવાબદાર માનવ બનવા માટેનો છે. જેમાં સમાજ અને વિદ્યાર્થીઓને સમાજના ગહન વિષયોને આવરી લઈને સાચી જીવનની વિદ્યાનો પ્રાપ્ત કરાવવાનો છે.

અત્યારનાં ભાગદૌડ વાળા જીવનમાં આપણે પ્રોફેશનલ લાઈફ અને પર્સનલ લાઈફને બેલેન્સ કરવામાં અસમર્થ દેખાઈ રહ્યાં છીએ. જેના કારણે આપણને જીવનમાં ભૂતકાળની પીડા, વર્તમાનનો વિરોધ અને ભવિષ્યની ચિંતા થતી દેખાય છે, માનવ સુખ ધર્મી છે, તેનો અર્થ એ છે કે માનવ જે કઈં પણ કરે છે તે સુખ પ્રાપ્ત કરવા માટે જ કરે છે. પરંતુ માનવ આજે નિરંતર સુખને પ્રાપ્ત કરવા ક્યાંક ને ક્યાંક અસમર્થ હોય એવું લાગી રહ્યું છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને આત્મીય યુનિવર્સિટી દ્વારા જીવન વિદ્યાનાં માધ્યમથી લાઇફ બેલેન્સ વિષયક સેમિનાર યોજાયો.

જેમાં દિવ્ય પાર્થ સંસ્થાન અમરકંટકનાં સોમદેવ ત્યાગીજીએ વ્યવસાયિક જીવન અને અંગત જીવનને બેલેન્સ કરવા માટે તેમજ નિરંતર મનની સ્વસ્થતા પ્રાપ્તિ માટેના કેટલાક ઉપાયો એમની આગવી અને રસપ્રદ શૈલીમાં કહ્યાં હતા. આત્મીય યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આ સેમિનારમાં ઈંખઅ ના પ્રેસિડેંટ ડો. પારસ શાહ, પ્રખ્યાત લેખક અને વક્તા શૈલેષ સગપરિયા, રાજકોટ મેડિકલ કોલેજના સર્જરી વિભાગના વડા ડો. જતિન ભટ્ટ, ગિરિરાજ હોસ્પિટલના ડો. મયંક ઠક્કર, ચેતન ભોજાણી, ડો. ભાવેશ જોષી, ડો. અતુલ પંડ્યા, ડો. દર્શના પંડ્યા, ડો. શીતલ ટાંક, જીજ્ઞેશ રાઠોડ તેમજ રાજકોટનાં વિવિધ ક્ષેત્રોનાં ખ્યાતનામ ડોક્ટર્સ, સાયક્યાટ્રિક, સાયકોલોજિ સાથે જોડાયેલ લોકો, લાઈફ કોચ, ટીચર્સ આ સેમિનારમાં ૩૫૦ કરતાં પણ વધારે લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને પણ વ્યવસાયિક જીવન અને અંગત જીવનમાં બેલેન્સ કઈ રીતે જાળવવું તે અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકો સીધા જ વ્યક્તિગત રીતે સમાજ સાથે જોડાયેલા હોવાથી વધુમાં વધુ લોકો સુધી આ કાર્યક્મનો લાભ પહોચે તેઓ આ કાર્યક્રમનો હેતુ હતો.

પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા આત્મીય યુનિવર્સિટીનાં પ્રો વાઈસ ચાન્સેલર ડો. જયેશ દેશકરસર, રજીસ્ટ્રાર શ્રી ડો. દિવ્યાંગ વ્યાસ, ડો. આશિષ કોઠારી જીવન વિદ્યા સેલનાં કો-ઓર્ડિનેટ જીગર રત્નોત્તર, ડો. દેવાંગ ટાંક, ડો. પિયુષ અનળકટ તેમજ જીવન વિદ્યાની ટીમનાં સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ શક્ય બન્યો.

આત્મીય યુનિવર્સિટી દ્વારા અવિરત આવા કાર્યક્રમો થતા રહે છે. આવો જ એક કાર્યક્રમ દિવ્ય પાર્થ સંસ્થાન અમરકંટકનાં અનીતા શાહ દ્વારા તા. ૨૧ એપ્રિલ નાં રોજ હોવાથી હોવાથી રસ ધરાવતા લોકોએ રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરવો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

# ગુજરાત મિરર

શુક્રવાર Dt.21-4-2023 | 8

## આત્મીય યુનિવર્સિટી દ્વારા લાઈફ બેલેન્સ સેમિનાર યોજાયો

■ અમરકંટકના સોમદેવ ત્યાગીજીએ વ્યવસાયિક જીવન અને અંગત જીવનને બેલેન્સ કરવાના ઉપાયો રજૂ કર્યા



ગુજરાત મિરર, રાજકોટ તા.૨૧

અત્યારનાં ભાગદોડ વાળા જીવનમાં આપણે પ્રોફેશનલ લાઈફ અને પર્સનલ લાઈફને બેલેન્સ કરવામાં અસમર્થ દેખાઈ રહ્યાં છીએ. જેના કારણે આપણને જીવનમાં ભૂતકાળની પીડા, વર્તમાનનો વિરોધ અને ભવિષ્યની ચિંતા થતી દેખાય છે, માનવ સુખ ધર્મી છે, તેનો અર્થ એ છે કે માનવ જે કંઈ પણ કરે છે તે સુખ પ્રાપ્ત કરવા માટે જ કરે છે. પરંતુ માનવ આજે નિરંતર સુખને પ્રાપ્ત કરવા ક્યાંક ને ક્યાંક અસમર્થ હોય એવું લાગી રહ્યું છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને આત્મીય યુનિવર્સિટી દ્વારા જીવન વિદ્યાનાં માધ્યમથી Life Balance વિષયક સેમિનાર યોજાયો. જેમાં દિવ્ય પાર્થ સંસ્થાન અમરકંટકનાં સોમદેવ ત્યાગીજીએ વ્યવસાયિક જીવન અને અંગત જીવનને બેલેન્સ કરવા માટે તેમજ નિરંતર મનની સ્વસ્થતા પ્રાપ્તિ માટેના કેટલાક ઉપાયો એમની આગવી અને રસપ્રદ શૈલીમાં કહ્યાં હતા. આત્મીય યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આ સેમિનારમાં IMAના પ્રેસિડેંટ ડો. પારસ શાહ, પ્રખ્યાત લેખક અને વક્તા શૈલેષ સગપરિયા, રાજકોટ મેડિકલ કોલેજના સર્જરી વિભાગના વડા ડો. જતિન ભટ્ટ, ગિરિરાજ હોસ્પિટલના ડો. મયંક ઠક્કર, ચેતન ભોજાણી, ડો. ભાવેશ જોષી, ડો. અતુલ પંડ્યા, ડો. દર્શના પંડ્યા, ડો. શીતલ ટાંક, જીજ્ઞેશ રાઠોડ તેમજ રાજકોટનાં વિવિધ ક્ષેત્રોનાં ખ્યાતનામ ડોક્ટર્સ, સાયક્યાટ્રિક, સાયકોલોજિ સાથે જોડાયેલ લોકો, લાઈફ કોચ, ટીચર્સ આ સેમિનારમાં ૩૫૦ કરતાં પણ વધારે લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને પણ વ્યવસાયિક જીવન અને અંગત જીવનમાં બેલેન્સ કઈ રીતે જાળવવું તે અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકો સીધા જ વ્યક્તિગત રીતે સમાજ સાથે જોડાયેલા હોવાથી વધુમાં વધુ લોકો સુધી આ કાર્યક્રમનો લાભ પહોંચે તેઓ આ કાર્યક્રમનો હેતુ હતો.

ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા આત્મીય યુનિવર્સિટીનાં પ્રો વાઈસ ચાન્સેલર ડો. જયેશ દેશકરસર, રજીસ્ટ્રાર ડો.દિવ્યાંગ વ્યાસ, ડો.આશિષ કોઠારી જીવન વિદ્યા સેલનાં કો-ઓર્ડિનેટ જીગર રત્નોત્તર, ડો.દેવાંગ ટાંક, ડો. પિયુષ અનળકટ તેમજ જીવન વિદ્યાની ટીમનાં સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ શક્ય બન્યો.

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

તારીખ: 21/04/2023
પાનાં નં.4

## વ્યવસાયિક જીવન અને અંગત જીવનમાં સંવાદિતા સ્થપાઈએ હેતુથી આત્મીય યુનિવર્સિટી દ્વારા Life Balance સેમિનાર યોજાયો

### મધ્યસ્થ દર્શન 'સહ–અસ્તિત્વવાદ' પર આધારિત આવા વિવિધ પ્રસ્તાવ કાર્યક્રમો જીવનવિદ્યાના માધ્યમથી અસંખ્ય લોકો સુધી પહોંચાડવાનો મુખ્ય હેતુ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી દ્વારા મધ્યસ્થ દર્શન 'સહ-અસ્તિત્વવાદ' આધારિત વિવિધ પ્રસ્તાવ કાર્યક્રમો છેલ્લા આઠ વર્ષથી ચાલી રહ્યાં છે. જેનો હેતુ શિક્ષાનાં માનવીયકરણ થી એક જવાબદાર માનવ બનવા માટેનો છે. જેમાં સમાજ અને વિદ્યાર્થીઓને સમાજના ગહન વિષયોને આવરી લઈને સાચી જીવનની વિદ્યાનો પ્રાપ્ત કરાવવાનો છે.

અત્યારનાં ભાગદૌડ વાળા જીવનમાં આપણે પ્રોફેશનલ લાઈફ અને પર્સનલ લાઈફને બેલેન્સ કરવામાં અસમર્થ દેખાઈ રહ્યાં છીએ. જેના કારણે આપણને જીવનમાં ભૂતકાળની પીડા, વર્તમાનનો વિરોધ અને ભવિષ્યની ચિંતા થતી દેખાય છે, માનવ સુખ ધર્મી છે, તેનો અર્થ એ છે કે માનવ જે કંઈ પણ કરે છે તે સુખ પ્રાપ્ત કરવા માટે જ કરે છે. પરંતુ માનવ આજે નિરંતર સુખને પ્રાપ્ત કરવા ક્યાંક ને ક્યાંક અસમર્થ હોય એવું લાગી રહ્યું છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને આત્મીય યુનિવર્સિટી દ્વારા જીવન વિદ્યાનાં માધ્યમથી Life Balance વિષયક સેમિનાર યોજાયો.

જેમાં દિવ્ય પાર્થ સંસ્થાન અમરકંટકનાં સોમદેવ ત્યાગીજીએ વ્યવસાયિક જીવન અને અંગત જીવનને બેલેન્સ કરવા માટે તેમજ નિરંતર મનની સ્વસ્થતા પ્રાપ્તિ માટેના કેટલાક ઉપાયો એમની આગવી અને રસપ્રદ શૈલીમાં કહ્યાં હતા.

આત્મીય યુનિવર્સિટી દ્વારા યોજાયેલ આ સેમિનારમાં IMA ના પ્રેસિડેંટ ડો. પારસ શાહ, પ્રખ્યાત લેખક અને વક્તા શૈલેષ સગપરિયા, રાજકોટ મેડિકલ કોલેજના સર્જરી વિભાગના વડા ડો. જતિન ભટ્ટ, ગિરિરાજ હોસ્પિટલના ડો. મયંક ઠક્કર, ચેતન ભોજાણી, ડો. ભાવેશ જોષી, ડો. અતુલ પંડ્યા, ડો. દર્શના પંડ્યા, ડો. શીતલ ટાંક, જીજ્ઞેશ રાઠોડ તેમજ રાજકોટનાં વિવિધ ક્ષેત્રોનાં ખ્યાતનામ ડોક્ટર્સ, સાયક્યાટ્રિક, સાયકોલોજિ સાથે જોડાયેલ લોકો, લાઈફ કોચ, ટીચર્સ આ સેમિનારમાં ૩૫૦ કરતાં પણ વધારે લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને પણ વ્યવસાયિક જીવન અને અંગત જીવનમાં બેલેન્સ કઈ રીતે જાળવવું તે અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકો સીધા જ વ્યક્તિગત રીતે સમાજ સાથે જોડાયેલા હોવાથી વધુમાં વધુ લોકો સુધી આ કાર્યક્રમનો લાભ પહોંચે તેઓ આ કાર્યક્રમનો હેતુ હતો.

પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા આત્મીય યુનિવર્સિટીનાં પ્રો વાઇસ ચાન્સેલર ડો. જયેશ દેશકરસર, રજીસ્ટ્રાર શ્રી ડો. દિવ્યાંગ વ્યાસ, ડો. આશિષ કોઠારી જીવન વિદ્યા સેલનાં કો-ઓર્ડિનેટ જીગર રત્નોત્તર, ડો. દેવાંગ ટાંક, ડો. પિયુષ અનળકટ તેમજ જીવન વિદ્યાની ટીમનાં સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ શક્ય બન્યો.

આત્મીય યુનિવર્સિટી દ્વારા અવિરત આવા કાર્યક્રમો થતા રહે છે. આવો જ એક કાર્યક્રમ Humanization of Education દિવ્ય પાર્થ સંસ્થાન અમરકંટકનાં અનીતા શાહ દ્વારા તા. ૨૧ એપ્રિલ નાં રોજ હોવાથી હોવાથી રસ ધરાવતા લોકોએ રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરવો.

Registrar
Atmiya University
Rajkot



Atmiya University Rajkot

૪

અબતક

તારીખ: ૧૦/૧૧/૨૦૨૩
શુક્રવાર


# માનવ જીવનના વિવિધ આયામોમાં સંગીતમયતા સ્વરૂપના દર્શન

## આત્મિય યુનિ. ખાતે જીવન વિદ્યા સામાજીક પરિચય શિબિર યોજાઇ

## પૂ. ત્યાગ વલ્લભસ્વામિ તથા એસ.આર.પી.એફ. વડા સુધા પાંડેની ખાસ ઉપસ્થિતિ



**અબતક, રાજકોટ**

આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુટ અને દિવ્યપથ સંસ્થાન, અમરકંટકના સંયુકત ઉપક્રમે આત્મીય યુનિવર્સિટી ખાતે જીવન વિદ્યા- સામાજિક પરિચય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં આશરે ૨૫૦ થી વધુ લોકો જોડાયા હતા. જેમાં ૧૨૦ થી વધુ શિક્ષક મિત્રો, ૧૦૦ જેટલા જન-સમાજના લોકો તેમજ રાજસ્થાન, છતીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટિક અને દિલ્હીથી ૨૦ થી વધુ મહેમાનોએ આ શિબિરમાં હાજરી આપી હતી. અતિથિ વિશેષ તરીકે પૂજ્ય ત્યાગ વલ્લભ સ્વામીજી તેમજ એસ.આર.પી.એફ. ના વડા સુધા પાંડેજી પણ સ્ટાફ સાથે શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરના મુખ્ય વક્તા તરીકે દિવ્યપથ સંસ્થાન, અમરકંટકના યોગેશ શાસ્ત્રીજી રહ્યા હતા. ૮ દિવસની આ શિબિરમાં રોજના કુલ ૪ સત્રો આ શિબિરમાં રાખવામાં આવ્યા હતા. જીવન વિદ્યાના આ સત્રોમાં સમાજમાં જીવન જીવવાની કળા તેમજ એ. નાગરાજ જી એ આપેલ મધ્યસ્થ દર્શન સહ-અસ્તિત્વવાદના વિકલ્પો લોકોએ ગહન રીતે સમજી જીવનની વિવિધ વાસ્તવિકતાઓ તરફ ધ્યાન દોર્યું હતું, તેમજ માનવ જીવનના વિવિધ આયામો જેવા કે સમજ, વિચાર, વ્યવહાર અને કાર્યમાં સંગીતમયતાનું સ્વરૂપ જાણ્યું હતું. આ શિબિરના અંતે ભાગમાં ગ્રુપ ડિસ્કશનની પણ અગત્યની ભૂમિકા રહી હતી જેમાં દરેક લોકોએ હોંશભેર ભાગ લીધો હતો.

જીવન વિદ્યા શિબિર એટલે કે મધ્યસ્થ દર્શન-સહ-અસ્થિત્વવાદ જાગૃતિ કાર્યક્રમ. જે એક માનવથી

(અનુ. આઠમા પાને)


Edition
Nov 10, 2023 Page No. 4
Powered by : eReleGo.com


Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

4 **અબતક** Date: 26/08/2023 Saturday

# આત્મીય યુનિવર્સિટી ખાતે શિક્ષણમાં જીવન વિદ્યા અંગે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા

## ર્ષ ૨૦૨૪માં જીવન વિદ્યાનું ૨૬મું વાર્ષિક સંમેલન આત્મીય યુનિવર્સિટીમાં યોજાશે

**અબતક, રાજકોટ**

જ્યારે વ્યક્તિનાં જીવનમાં ઈંક ગુણાત્મક પરીવર્તન થાય યારે વ્યક્તિ પરિવારમાં સુખમય જીવન જીવી શકે, સમાજ ભય ક્ત બને તેમજ પ્રકૃતિમાં પણ તુલન જળવાય રહે તેવો 'જીવન વિદ્યા' કાર્યશાળાનો નમ્ર પ્રસ્તાવ છે, આ માટે શ્રી એ. ાગરાજજીએ મધ્યસ્થ દર્શન હ-અસ્તિત્વવાદનો વિચાર ગટ કર્યો અને તેમનો આ વિચાર શિક્ષાના માધ્યમથી અસરકારક તે જનમાનસ સુધી પહોંચી શકે અને વ્યક્તિનો સામાજિક ઉત્કર્ષ ાય એ માટે 'જીવન વિદ્યા' ાર્યક્રમોની શરૂઆત આખાયે શમાં થઈ. શિક્ષણ માટેની ળભૂત વિષય - વસ્તુ શું હોય



શકે! અભ્યાસ માટેનું સાર્થક વાતાવરણ કેવું હોવું જોઈએ! વિદ્યાર્થીઓ સ્કીલની સાથોસાથ માનવીય મૂલ્યોને પણ સહજ અને સરળ સ્વરૂપે સમજી શકે એ માટે આત્મીય યુનિવર્સિટી દ્વારા 'યુનિવર્સલ હ્યુમન વેલ્યુ' (યુ.એચ.વી.) નો અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૪ થી ભણાવાઈ રહ્યો છે તેમજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા પણ આ યુ.એચ.વી. વિષયને અભ્યાસક્રમ તરીકે લઈ પોતાના કાર્યક્ષેત્રમાં આવતી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ભણાવવાનો અનુરોધ કરાવાયો છે.

દર વર્ષે જીવન વિદ્યાનું વાર્ષિક સમ્મેલન દેશના વિભિન્ન સ્થાનોમાં આયોજિત થાય છે, અત્યાર સુધી ૨૫ વાર્ષિક સમ્મેલન થઈ ચૂક્યા છે અને વર્ષ ૨૦૨૪માં જીવન વિદ્યાનું ૨૬મું વાર્ષિક સમ્મેલન આત્મીય યુનિવર્સિટી ખાતે યોજાવા જઈ રહ્યું છે ત્યારે આ સમ્મેલનની સાર્થકતા માટે ત્રિ-દિવસીય ૧૫ થી ૧૭ ઓગષ્ટ જીવનવિદ્યા અંગે કાર્યશાળાનું આયોજન થયું હતું. આ સમ્મેલન ની સફળતા માટે વિવિધ સમિતિઓનું ગઠન કરવાનું હોય તેમજ કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવાની હોય જેવા વિવિધ ઉદ્દેશ્યોને પહોંચી વળવા આ કાર્યશાળામાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી તેમજ આ કાર્યશાળા અંતર્ગત આત્મીય યુનિવર્સિટી, રાજકોટ અને દિવ્યપથ સંસ્થાન, અમરકંટક વચ્ચે એક ખઘઅ પણ થયો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ એ જીવન વિદ્યાના પ્રસ્તાવને સાર્થક રીતે શિક્ષણના માધ્યમથી લોક કલ્યાણ હેતુ માનવ સમાજ સુધી પહોંચાડવો છે.

આ તકે આ તકે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી યોગેશ શાસ્ત્રીજી એ પાછલા સમ્મેલનનાં

(અનુ. આઠમા પાને)

(ચોથા પાનાનું ચાલુ)

**આત્મીય યુનિવર્સિટી**

પ્રયોજન પર વાત કરી હતી તેમજ શ્રીરામ નરસિમહનજીએ અત્યાર સુધી યોજાયેલ સમ્મેલનોની અવધારણા પ્રસતુત કરી તેની સુંદર યાદગીરી તાજી કરી હતી. આ કાર્યક્રમમાં આત્મીય યુનિવર્સિટી તરફથી આત્મીય વિશ્વવિદ્યાલયનાં પ્રેસિડેંટ પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી, વાઈસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠી, પ્રો (ડો.) ચાન્સેલર શીલા રામચંદ્રનજી, પ્રો વાઈસ ચાન્સેલર જયેશ દેશકર, રજિસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસ, આર.આઈ.ટી. ડાઈરેક્ટર ડો. આશિષ કોઠારી, લીડરશીપ ટીમના તમામ વડાઓ, ૬૦ જેટલા અધ્યાપકો તેમજ જીવન વિદ્યા સાથે જોડાયેલા અલગ-અલગ રાજ્યોમાંથી આવેલા ૪૪ જેટલા મહાનુભાવોએ પણ હાજર રહી આ કાર્યક્રમને સફળતા પૂર્વક દિશાનિર્દેશ સાથે આગળ ધપાવ્યો

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

# MoU with Invincible NGO

GUJARAT MIRROR-RAJKOT
RNI Regn. No. GUJGUJ/2017/73743
પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર
YEAR: 06 ISSUE: 182 | શહેર આવૃત્તિ | Dt.3-2-2023 I FRIDAY Page: 14 I Price: ₹4
SUDARSHAN ગ્રૃપનું સાંધ્ય દૈનિક

## આત્મીય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ભણાવાશે સામાજિક-કૌશલ્ય વિકાસના પાઠ

### શૈક્ષણિક સંસ્થા અને ઈન્વિન્સીબલ એનજીઓ યુથ બ્રિગેડ વચ્ચે કરાર



ગુજરાત મિરર, રાજકોટ તા. ૩ આજના યુવાઓમાં શારીરિક વિકાસ, વ્યક્તિત્વ વિકાસ, તેમજ સામાજિક વિકાસ થાય એ ખુબ જરૂરી છે. શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીઓ માટે જીવન ઘડતરના કાર્યક્રમો થતા રહેવાથી તેઓમાં નૈતિક મૂલ્યોનો સંચાર થશે તેમજ તેઓમાં સશક્ત રાષ્ટ્રનું નિર્માણ પણ થશે. સાથે-સાથે તેઓ વિદ્યાઅભ્યાસમાં પણ આગળ વધશે. આવા શુભ આશયથી આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિન્સીબલ - એનજીઓ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા છે.

યુથ બ્રિગેડ એ ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ એક સશક્તિકરણની પહેલ છે જેમાં શારીરિક અને કૌશલ્ય વિકાસ, વ્યક્તિત્વ વિકાસ, સામાજિક અને સામુદાયિક જોડાણ જેવી ૩ પ્રકારની શ્રેણીઓમાં તાલીમ પ્રવૃત્તિઓનો વિસ્તાર અને વિકાસ સામેલ કરવામાં આવેલ છે. ઈન્વિન્સીબલ એનજીઓએ યુવા સંચાલિત એનજીઓ છે, જે સામાજિક સુધારણા અને રાષ્ટ્રના નિર્માણ માટે કામ કરે છે આત્મીય યુનિવર્સિટી અને સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સ અને ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા આત્મીય કેમ્પસનાં રજિસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમ્યાન ૨ કલાકના ૨૦ સત્રોનું આયોજન કરેલ જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરેલ છે. આ તાલીમ શિક્ષણ સિવાયના સમયમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આપવામાં આવશે. આત્મીય યુનિવર્સિટીનાં ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમમાં પ્રો વાઈસ ચાન્સેલર ડો.જયેશ દેશકર અને ઈન્વિન્સીબલ - એનજીઓનાં મેનેજિંગ ટ્રસ્ટી રૂષિરાજ મોરીએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. જેમાં આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિન્સીબલ - એનજીઓ વચ્ચે એમઓયુ થયા હતા.

ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટર ફોર સ્ટુડન્ટ એન્ડ કસ્ટમર ઈનીટીએટીવ ના કો-ઓર્ડિનેટર પારુલ માંડવીયા, એનએસએસ સંયોજક યુવરાજ કાંચાવા, એનસીસી સંયોજક ધર્મિષ્ઠા વાળા, યેશા ગાંધી, મયુરસિંહ જાડેજા આસી. રજીસ્ટ્રાર ડો. હિરેન દ્વારા કાવડિયા, રીસર્ચ એન્ડ ઈનોવેશન ડીરેક્ટર ડો. આશિષ કોઠારી તેમજ આ યુથ બ્રિગેડમાં તાલીમ માટે રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક ®

સાંધ્ય દૈનિક


# આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિન્સીબલ એનજીઓ યુથ બ્રિગેડ વચ્ચે થયા કરાર

## વિદ્યાઅભ્યાસની સાથે–સાથે વિદ્યાર્થીઓમાં સામાજીક જ્ઞાન અને કૌશલ્યનો વિકાસ થાય એ હેતુથી કરાયો કરાર



**અબતક,રાજકોટ**

આજના યુવાઓમાં શારીરિક વિકાસ , વ્યક્તિત્વ વિકાસ તેમજ સામાજિક વિકાસ થાય એ ખુબ જરૂરી છે . શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીઓ માટે જીવન ઘડતરના કાર્યક્રમો થતા રહેવાથી તેઓમાં નૈતિક મૂલ્યોનો સંચાર થશે તેમજ તેઓમાં સશક્ત રાષ્ટ્રનું નિર્માણ પણ થશે. સાથે - સાથે તેઓ વિદ્યાઅભ્યાસમાં પણ આગળ વધશે . આવા શુભ આશયથી આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિન્સીબલ - એનજીઓ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા.

યુથ બ્રિગેડ '' એ ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા હાથ ધરવામાં આવેલ એક સશક્તિકરણની પહેલ છે જેમાં શારીરિક અને કૌશલ્ય વિકાસ , વ્યક્તિત્વ વિકાસ , સામાજિક અને સામુદાયિક જોડાણ જેવી ૩ પ્રકારની શ્રેણીઓમાં તાલીમ પ્રવૃત્તિઓનો વિસ્તાર અને વિકાસ સામેલ કરવામાં આવેલ છે .

ઈક્વિન્સીબલ એનજીઓ એ યુવા સંચાલિત એનજીઓ છે , જે સામાજિક સુધારણા અને રાષ્ટ્રના નિર્માણ માટે કામ કરે છે . આ સંસ્થા નૈતિક મૂલ્યો અને નીતિશાસ્ત્ર શીખવાડવાની સાથે સાથે મુખ્યત્વે Adventure ક્ષેત્રે સક્રિય છે.

શારીરીક વિકાસમાં રાયફલ શુટીંગ સેલ્ફ ડિફેશન વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. વ્યકિતત્વ વિકાસ જેવા તાલીમનો સમાવેશ થાય છે.

જ્યારે સામાજિક અને સામુદાયિક જોડાણ જેવી પ્રવૃતિઓમાં વૃક્ષારોપણ, સોશિયલ એવરનેસ બ્લડ ડોનેશન કેમ્પ જેવી પ્રવૃતિઓ થાય છે.

આત્મીય યુનિવર્સિટી અને સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સ અને ઈન્વિન્સીબલ એનજીઓ દ્વારા આત્મીય કેમ્પસનાં રજિસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ માટે વર્ષ દરમ્યાન ૨ કલાકના ૨૦ મંત્રોનું આયોજન કરેલ જેમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરેલ છે . આ તાલીમ શિક્ષણ સિવાયના સમયમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આપવામાં આવશે .

આત્મીય યુનિવર્સિટીનાં ઓડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમમાં પ્રો વાઈસ ચાન્સેલર ડો.જયેશ દેશકર અને ઈન્વન્સીબલ - એનજીઓના મેનેજિંગ ટ્રસ્ટી રૂષિરાજ મોરીએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી . જેમાં આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિન્સીબલ - એનજીઓ વચ્ચે એમઓયુ થયા હતા .

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે આ કાર્યક્રમને સફળ બનાવવા સેન્ટર ફોર સ્ટુડન્ટ એન્ડ કસ્ટમર ઈનીટીએટીવ ના કો - ઓર્ડિનેટર પારુલ માંડવીયા , સંયોજક યુવરાજ કોચાવા , સંયોજક ધર્મિષ્ઠા વાળા , યેશા ગાંધી , મયુરસિંહ જાડેજા આસી રજીસ્ટ્રાર ડો . હિરેન દ્વારા કાઠિયા , રીસર્ચ એન્ડ ઈનોવેશન ડીરેક્ટર ડો , આશિષ કોઠારી તેમજ આ યુથ બ્રિગેડમાં તાલીમ માટે રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યાં હતા .



Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

દેશ-પરદેશની આજકાલ

08 Dt. 04-4-2023, Tuesday


# આત્મીય યુનિવર્સિટી દ્વારા ફાયર સેફ્ટી ટ્રેનિંગ મેનેજમેન્ટ કાર્યક્રમ યોજાયો



રાજકોટ

આત્મીય યુનિવર્સિટીના સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સ ( ) અને ઈનોવેશનલિબ દ્વારા વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી અમિત દવે અને [illegible] ની ફાયર [illegible] ની ટીમે વિદ્યાર્થીઓને આકસ્મિક આગના જોખમ સામે કઈ રીતે બચવું, આગ લાગવાથી થતા નુકસાનને કઈ રીતે ઘટાડવું તેમજ આવા કિસ્સાઓમાં ફાયર સેફ્ટીના સાધનો કઈ રીતે કામ કરે છે તેની ટ્રેનિંગ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ પ્રશિક્ષણ કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું કે ફાયર સેફ્ટીના સાધનોની મદદથી લોકો પોતાની આસપાસ બનતી વિકરાળ બનતી ઘટનાઓને રોકી શકે છે અને જાન-માલનું નુકસાન થતું અટકે છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓને ફાયર સેફ્ટીનાં સાધનો વડે આગ બુઝાવવાની ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી. તેમજ વિવિધ પ્રકારના અગ્નિશામક સાધનોનો ઉપયોગ સમજાવ્યો હતો.

આગના પ્રકારો જેવા કે – લાકડા, કાગળ તથા કાપડ જેવી કોઈ નક્કર સામગ્રીને લાગતી આગ, પેટ્રોલ, ડીઝલ અથવા તેલ જેવા જ્વલનશીલ પ્રવાહીઓથી લાગતી આગ, ધાતુઓ, ગેસ અથવા જીવંત વિદ્યુત ઉપકરણો દ્વારા લાગતી આગ તેમજ છ મુખ્ય અગ્નિશામક પ્રકારો જેમ કે પાણી, ફોમ, ર પાવડર, પાણીની ઝાકળ અને ભીના રસાયણ વિશે ફાયર સેફ્ટીની ટીમે વિદ્યાર્થીઓને વિસ્તૃત માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું.

ભીડવાળા વિસ્તારો, બહુમાળી ઈમારતો, ઘર, ઓફિસો તેમજ જાહેર જગ્યાઓ પર આગ લાગી હોય ત્યારે શું કરવું અને શું ન કરવું તે વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી જેમાં આગનો સામનો કેવી રીતે કરવો? પોતાની સલામતી કેવી રીતે રાખવી? ફસાયેલા અન્ય લોકોને મદદ કરવાનો પ્રયાસ કેવી રીતે કરવો? વગેરે બાબતોથી વિદ્યાર્થીઓને માહિતગાર થયા હતા તેમજ વિદ્યાર્થીઓ માટે આત્મીય યુનિવર્સિટી પ્રેઝન્ટેશન અને ફાયર સેફ્ટી મેનેજમેન્ટનું ડેમોન્સ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમનું સંકલન આત્મીય યુનિવર્સિટીમાં સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સના કોઓર્ડિનેટર પારસ માંડલિયા, કોઓર્ડિનેટર યુવરાજસિંહ [illegible], મયુરસિંહ જાડેજા, ડૉ. ધર્મિષ્ઠા [illegible] અને ડૉ. [illegible] દ્વારા થયું હતું. તેમજ ઈનોવેશનલિબ [illegible] અને [illegible], સ્ટુડન્ટ કોઓર્ડિનેટર [illegible], [illegible] તેમજ [illegible] એ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

Registrar
Atmiya University
Rajkot

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Dt.11-04-2023 (Thuesday)

## આત્મીય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રાઇફલ શૂટિંગની તાલીમ અપાઈ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૧

આત્મીય યુનિવર્સિટી અને ઇન્વિસિબલ એનજીઓ એ યુથ બ્રિગેડ- યુથ એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ હેઠળ રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ માટે રાઇફલ શૂટિંગ ટ્રેનિંગનું આયોજન કર્યું હતું. જેમાં ઇન્વિસિબલ એનજીઓ તરફથી નિશાંત ગઢવી અને તેમની ટીમે વિદ્યાર્થીઓને રાઈફલ શૂટિંગની તાલીમ આપી હતી.

આ તાલીમ દરમિયાન રાઇફલ શૂટિંગ શું છે? એર રાઇફલના પ્રકારો? કેલિબર શું છે? વગેરે જેવી પ્રાથમિક જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

પ્રેક્ટિકલ તાલીમ હોવાથી રાઇફલ શૂટિંગના આ તાલીમ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આત્મીય યુનિવર્સિટી પ્લેગ્રાઉન્ડ ખાતે નિષ્ણાંત ટ્રેનરોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આ રાઈફલ શૂટિંગની તાલીમ અપાઈ હતી.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે આત્મીય યુનિવર્સિટીનાં પ્રો વાઇસ ચાન્સેલર ડો. જયેશ દેશકરસરના માર્ગદર્શન હેઠળ સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઇનિશિયેટિવ્સ (CSCI) ના કો-ઓર્ડિનેટર પારૂલ માંડવીયા, ફેકલ્ટી કો-ઓર્ડિનેટર યુવરાજસિંહ કાંચાવા, મયુરસિંહ જાડેજા, કુ. ધર્મિષ્ઠા વાલા અને કુ. યેશા ગાંધી, વિદ્યાર્થી સંયોજક કરણ મારૂ, દર્શન પટેલ કિશન આઘારા અને ફૈઝાન નોયડાએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું. તેમજ ઇન્વિસિબલ એનજીઓ વત્સલભાઈ કથિરીયા અને નિશાંતભાઈ ગઢવીનાં સહયોગથી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

Registrar
Atmiya University
Rajkot

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક

સાંધ્ય દૈનિક

**Date: 11/04/2023 Page No. 12**


વિદ્યાભ્યાસની સાથે-સાથે કૌશલ્યનો પણ વિકાસ થાય એ હેતુથી

# આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને રાઈફલ શૂટિંગની તાલીમ અપાઈ

## રાઈફલ સ્પ્રિંગનો ઉપયોગ કરી ૧૦ મીટરના ટાર્ગેટ સાથેના રાઈફલ શુટીંગના પ્રયોગ કરવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિસિબલ એનજીઓ એ યુથ બ્રિગેડ- યુથ એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ ' હેઠળ રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ માટે રાઈફલ શૂટિંગ ટ્રેનિંગનું આયોજન કર્યું હતું . જેમાં ઈન્વિસિબલ એનજીઓ તરફથી નિશાંત ગઢવી અને તેમની ટીમે વિદ્યાર્થીઓને રાઈફલ શૂટિંગની તાલીમ આપી હતી.



આ તાલીમ દરમિયાન રાઈફલ શુટિંગ શું છે ? એર રાઈફલના પ્રકારો ? કેલિબર શું છે ? વગેરે જેવી પ્રાથમિક જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

રાઈફલથી ફાયરિંગ રેન્જનું લક્ષ્ય કેવી રીતે સાધવું ? ફાયરિંગ પોજિશન આપતી વખતે શું કરવું અને શું ન કરવું ? લક્ષ્ય અને ફાયરિંગ પોઝિશન્સ બન્ને એકીસાથે કઈ રીતે સેટ કરવા ? ટ્રિગર પર પૂરતું ધ્યાન કેન્દ્રિત કરી નિયંત્રણથી લક્ષ્ય કઈ રીતે સાધવું વગેરે જેવી રાઈફલ શૂટિંગની ટ્રેનિંગ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી . જેમાં રાઈફલ સ્પ્રિંગનો ઉપયોગ કરી ૦.૧૭૭એમએમ ઘૂંટણિયે બેસીલી પોઝિશનમાં ૧૦ મીટરના ટાર્ગેટ સાથેના રાઈફલ શૂટિંગનાં પ્રયોગો કરવામાં આવ્યા હતા.

પ્રેક્ટિકલ તાલીમ હોવાથી રાઈફલ શૂટિંગના આ તાલીમ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો . આત્મીય યુનિવર્સિટી પ્લેગ્રાઉન્ડ ખાતે (અનુ. આઠમા પાને)

-

**આત્મીય યુનિવર્સિટી**

નિષ્ણાંત ટ્રેનરોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આ રાઈફલ શૂટિંગની તાલીમ અપાઈ હતી.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ સાથે આત્મીય યુનિવર્સિટીનાં પ્રો વાઈસ ચાન્સેલર ડો. જયેશ દેશકરસર નાં માર્ગદર્શન હેઠળ સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સ ' (સીએસસીઆઈ) નાં કો - ઓર્ડીનેટર પારુલ માંડવીયા , ફેકલ્ટી કો - ઓર્ડિનેટર યુવરાજસિંહ કાંચાવા, મયુરસિંહ જાડેજા, કુ . ધર્મિષ્ઠા વાલા અને કુ . યેશા ગાંધી , વિદ્યાર્થી સંયોજક કરણ મારુ , દર્શન પટેલ કિશન આઘારા અને ફૈઝાન નોયડાએ કાર્યક્રમનું સંકલન કર્યું હતું . તેમજ ઈન્વિસિબલ એનજીઓ વત્સલભાઈ કથિરીયા અને નિશાંતભાઈ ગઢવીનાં સહયોગથી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


Edition
11 Apr, 2023 Page No. 12
Powered by : erelego.com




Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

દેશ-પરદેશની આજકાલ Dt.11/04/2023 08

## વિદ્યાભ્યાસની સાથે સાથે કૌશલ્યનો પણ વિકાસ થાય એ હેતુથી

# આત્મીય યુનિ.ના વિદ્યાર્થીઓને રાઈફલ શૂટિંગની તાલીમ અપાઈ

આજકાલ કાર્યાલય
રાજકોટ

આત્મીય યુનિવર્સિટી અને ઈન્વિસિબલ એનજીઓ એ યુથ બ્રિગેડ-'યુથ એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ' હેઠળ રજિસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓ માટે રાઈફલ શૂટિંગ ટ્રેનિંગનું આયોજન કર્યુ હતું જેમાં ઈન્વિસિબલ એનજીઓ તરફથી નિશાંત ગઢવી અને તેમની ટીમે વિદ્યાર્થીઓને રાઈફલ શૂટિંગની તાલીમ આપી હતી.

આ તાલીમ રમિયાન રાઈફલ શૂટિંગ શું છે ? એર રાઈફલના પ્રકારો ? કેલિબર શું છે ? વગેરે જેવી પ્રાથમિક જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

રાઈફલથી ફાયરિંગ રેન્જનું લક્ષ્ય કેવી રીતે સાધવું ? ફાયરિંગ પોજિશન આપતી વખતે શું કરવું અને શું ન કરવું ? લક્ષ્ય અને ફાયરિંગ પોઝિશન્સ બન્ને એકસાથે કઈ રીતે સેટ કરવા ? ટ્રીગર



પર પુરતું ધ્યાન કેન્દ્રીયત કરી નિયંત્રણથી લક્ષ્ય કઈ રીતે સાધવું વગેરે જેવી રાઈફલ શૂટિંગની ટ્રેનિંગ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી જેમાં રાઈફલ સ્પ્રિંગનો ઉપયોગ કરી ૦.૧૭૭ એમએમ ઘૂંટણિયે બેસીલી પોઝિશનમાં ૧૦ મીટરના ટાર્ગેટ સાથેના રાઈફલ શૂટિંગના પ્રયોગો કરવામાં આવ્યા હતા.

પ્રેક્ટિકલ તાલીમ હોવાથી રાઈફલ શૂટિંગના આ તાલીમ સત્રમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આત્મીય યુનિવર્સિટી પ્લેગ્રાઉન્ડ ખાતે નિષ્ણાત ટ્રેનરોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને આ રાઈફલ શૂટિંગની તાલીમ અપાઈ હતી.

ત્યાગવલ્લભ સ્વામીના આશીર્વાદ સાથે આત્મીય યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડો.જયેશ દેશકરના માર્ગદર્શન હેઠળ સેન્ટર ફોર સ્ટુડન્ટ્સ એન્ડ કસ્ટમર ઈનિશિયેટિવ્સ (સીએસસીઆઈ)ના કો-ઓર્ડિનેટર પારૂલ માંડવિયા, ફેકલ્ટી કો-ઓર્ડિનેટર યુવરાજસિંહ કાંચાવા, મયુરસિંહ જાડેજા, ધર્મિષ્ઠા વાલા અને યેશા ગાંધી, વિદ્યાર્થી સંયોજક કરણ મારુ, દર્શન પટેલ, કિશન અઘારા અને ફૈઝાન નોયડાએ કાર્યક્રમનું સંકલન કર્યુ હતું તેમજ ઈન્વિસિબલ એનજીઓ વત્સલભાઈ કથીરિયા અને નિશાંત ગઢવીના સહયોગથી તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

# Covid – 19 Activities

## *A cup of hot tea for on duty cops*

TIMES NEWS NETWORK

**Rajkot:** Imagine the delight of the cops and the officials of Rajkot Municipal Corporation (RMC) engaged in enforcing the lockdown order, when they are served piping hot tea twice every day.

Sharp at 11 am, the volunteers of Swaminarayan Sanstha visit different check points of the Rajkot police and the RMC with freshly made tea in big kettles. "They are like angels without wings. Every day, we eagerly wait for them. Sips of tea are enough to recharge our spirits," says an official from the Rajkot police.

"While most of the NGOs are providing food, no one thought of those government officials on duty. Of course, they didn't need food packets, but they would definitely appreciate tea, so we thought of this," said Tyag Vallabh Swamy of the Swaminarayan Sanstha.



TOI

A volunteer serves tea to the on duty police officer in Rajkot

The organisation has set up a well-sanitized kitchen in Atmiya Institute where professors of IT and management and students give their services as volunteers.

"Six teams with kettles full of tea are dispatched twice in a day to different points where police and the RMC officials are on duty," said Sanjay Tank, one of the volunteers.



Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

# કોરોના ફરજ પરના સેવકોની 'ચા'ની તલપને તૃપ્ત કરતા આત્મીય વોરિયર્સ

આજકાલ પ્રતિનિધિ

રાજકોટ

એક ચાય પ્યાલી કી કિંમત તુમ ક્યાં જાનોગે? ઘરે લોકડાઉન થયેલા લોકોને ચા ની કિંમત ન હોઈ બાકી પોલીસ કર્મચારીઓ અને અન્ય સરકારી ફરજ પરના કર્મચારીઓને દિવસમાં બે વાર જો ચા મળી જાય તો પછી શું કહેવું ? સવારે ૧૧ વાગે એટલે જાણે કર્મચારીઓના ચહેરા પર નૂર આવી જાય. ચાની પ્યાલી ટેબલ પર આવી જાય બોસ અને એ પણ ચા ની લારી કે હોટેલમાંથી નહીં હો. કારણકે ચાના તાવડા તો હાલ લોકડાઉન થઈ ગયા છે પણ એક સેવાભાવી સંસ્થા એવી છે કે જે સમાજે છે ચા નું મધુરમહત્વઅને પહોંચાડે છે ચા ઓફિસ.. ઓફિસ.

પૂ. ત્યાગ વલ્લભ સ્વામી દ્વારા રાજકોટની આત્મીય ઈન્સ્ટિટ્યૂટ ખાતે ચા નો ઓટલો શરુ કરવામાં આવ્યો છે. સેવકો સવારે અને બપોરે બે ટાઈમ



રાજકોટના જુદા જુદા ચોકમાં ફરજ પરના કર્મચારીઓને પહોંચાડે છે ચા. સ્વામિનારાયણ સંસ્થાના ત્યાગ વલ્લભ સ્વામી જણાવે છે કે, આત્મીય સાથે જોડાયેલા આઈ.ટી. અને મેનેજમેન્ટના પ્રોફેસર્સ, વિદ્યાર્થીઓ તેમજ સેવકો આ ચા અભિયાનમાં જોડાયા છે. તેઓ બે શિફ્ટમાં કામ કરે છે. સંસ્થાના હાઈજેનીક રસોડામાં ચા તૈયાર કરી બે-બે ના ગ્રુપમાં ૬ ટીમ નીકળી પડે છે કોરોના વોરિયર્સની ચાની તલપને તૃપ્ત કરવા. સમગ્ર કાર્યની દેખરેખ સંજયભાઈ ટાંક અને તેમની ટીમ કરે છે. હા સ્વયંસેવકો તેમનું કામ પતે એટલે જો રસોડે અન્ય કોઈ કામ હોઈ તો ભલે બાકી સીધાજ ઘરે તેમ સંજયભાઈ ટાંક જણાવે છે.

# કોરોના વોરિયર્સ થવાનો NCC બ્રિગેડને ગર્વ

ગુજરાત એનસીસી કેડેટ્સના ૧૦૦ જવાનો ૧૦ એપ્રિલથી રાજકોટ, ગોંડલ, પડધરી પોલીસની સતત સહાયમાં









Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot